# ₹2000 મૂલ્યની બેન્ક નોટ ચલણમાંથી પાછી ખેંચી લેવાઈ – સમીક્ષા

1. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા Press Release 2023-2024/257 dated May 19, 2023 અન્વયે ચલણમાંથી રૂ. 2000ની બેન્ક નોટો પાછી ખેંચી લેવાની ઘોષણા કરાઈ હતી. સમયબદ્ધ રીતે આ કવાયત પૂરી કરવા અને જાહેર જનતાને પૂરતો સમય આપવા માટે બેન્કોને 30 સપ્ટેમ્બર, 2023 સુધી ₹2000ની બેન્ક નોટો જમા કરવા અને/અથવા ફેરબદલી કરવાની સુવિધા પૂરી પાડવાની સલાહ આપવામાં આવી હતી. આ ફેરબદલી સુવિધા ઈશ્યુ ડિપાર્ટમેન્ટ્સ (આરબીઆઈ ઈશ્યુ ઓફિસીસ)1 ધરાવતી આરબીઆઈની 19 રિજનલ ઓફિસીસ (આરઓ) ખાતે પણ ઉપલબ્ધ કરાઈ હતી. આરબીઆઈ માસિક અખબારી યાદીઓ થકી નોટો પાછી ખેંચવાની કવાયતની સ્થિતિ વિશે જાહેર જનતાને માહિતગાર કરતી રહી હતી.

2. બેન્કો પાસેથી પ્રાપ્ત ડેટા અનુસાર 19 મે, 2023ના રોજ ચલણમાં ₹2000ની બેન્ક નોટોનું કુલ મૂલ્ય ₹3.56 લાખ કરોડ હતું. આમાંથી 29 સપ્ટેમ્બર, 2023ના રોજ કામકાજનો સમય પૂરો થયો ત્યારે ₹3.42 લાખ કરોડ પ્રાપ્ત થયા હતા, જ્યારે ફક્ત ₹0.14 લાખ કરોડ ચલણમાં રહી ગયા હતા. આમ, 19 મે, 2023ના રોજ ચલણમાં રહેલી ₹2000ની બેન્કો નોટોના 96 % પરત કરાયા હતા.

3. નોટો પાછી ખેંચી લેવાનો નિર્દિષ્ટ સમયગાળો પૂરો થયો છે અને સમીક્ષાને આધારે એવું નક્કી કરવામાં આવ્યું કે ₹2000ની બેન્ક નોટો જમા/ફેરબદલી કરવા માટે વર્તમાન વ્યવસ્થા 07 ઓક્ટોબર, 2023 સુધી લંબાવવામાં આવે. આ પછી 08 ઓક્ટોબર, 2023થી અમલ સાથે ₹2000ની બેન્ક નોટો જમા/ફેરબદલી કરવા માટે પ્રક્રિયા નીચે મુજબ હતીઃ

   ક) બેન્ક શાખામાં જમા/ ફેરબદલી બંધ કરાશે.

   બ) ₹2000ની બેન્ક નોટો એક સમયે ₹20,000/-ની મર્યાદા સુધી 19 આરબીઆઈ ઈશ્યુ ઓફિસીસ ખાતે વ્યક્તિગતો/ સંસ્થાઓ દ્વારા ફેરબદલી કરવાનું ચાલી રાખી શકે છે.

   ભ) વ્યક્તિગતો/ સંસ્થાઓ કોઈ પણ રકમ માટે ભારતમાં તેમના બેન્ક અકાઉન્ટમાં જમા કરવા માટે 19 આરબીઆઈની ઈશ્યુ ઓફિસીસમાં ₹2000ની બેન્ક નોટો આપી શકે છે.

   મ) દેશમાંના વ્યક્તિગતો/સંસ્થાઓ ભારતમાં તેમના બેન્ક અકાઉન્ટ્સમાં જમા કરવા માટે કોઈ પણ 19 આરબીઆઈ ઈશ્યુ ઓફિસીસને સરનામે ભારતીય ટપાલ થકી પણ ₹2000ની બેન્ક નોટો મોકલી શકે છે.

   ય) આવી ફેરબદલી કે જમા કરવાનું સુસંગત આરબીઆઈ/સરકારી નિયમનને આધીન રહેશે, જેમાં આરબીઆઈ દ્વારા અનુકૂળ લાગી શકે તે મુજબ પ્રમાણિત ઓળખના દસ્તાવેજો સુપરત કરવાના રહેશે અને તે યોગ્ય કાર્યવાહી કરી શકે છે.

   ર) કોર્ટો, કાયદો અમલબજાવણી સંસ્થાઓ, સરકારી વિભાગો અથવા કોઈ પણ અન્ય જાહેર પ્રશાસન તપાસની કાર્યવાહી અથવા અમલબજાવણીમાં સંકલાયેલા હોય તેઓ જેમ અને જ્યારે આવશ્યક હોય ત્યારે કોઈ પણ મર્યાદા વિના કોઈ પણ 19 આરબીઆઈ ઈશ્યુ ઓફિસીસમાં ₹2000ની બેન્ક નોટો જમા/ફેરબદલી કરાવી શકે છે.

4. ₹2000ની બેન્ક નોટોટ હવે કાયદેસર ચલણ તરીકે માનવામાં નહીં આવશે.

5. 19 આરબીઆઈ ઈશ્યુ ઓફિસીસમાં ₹2000ની બેન્ક નોટો જમા ફેરબદલી કરવા માટે ઉક્ત સુવિધા આગામી સલાહ સુધી ઉપલબ્ધ રહેશે.

6. જાહેર જનતાને કોઈ પણ વધુ વિલંબ વિના ₹2000ની બેન્ક નોટો જમા/ફેરબદલી કરવાની સલાહ છે.

7. આ બાબતમાં Frequently Asked Questions (FAQs) પર અપડેટેડ દસ્તાવેજો જાહેર જનતાની માહિતી અને સુવિધા માટે આરબીઆઈની વેબસાઈટ પર મૂકવામાં આવી છે.